સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૨૨૫૫

સલામી સવારની..

ખૂટી શ્રધ્ધા 'યુપીએ'માં 'પ્રાદેસિકતા' છૂટી છે,
વિકાસના નામે દેશની તિજોરી જ લૂંટી છે,
ખણે છે ચૂંટી સૌ અર્થશાસ્ત્રી વડાપ્રધાન ને -
વિશ્વબજારમાં, ભારતની આબરૂ તૂટી છે..
(ભારતનું અર્થ ચિત્ર ઝાંખું)

હાઈકુ

'શ્રધ્ધા-વિશ્વાસ
કપાઇ ગઇ પાંખો -
સોદાબાજીમાં..
(હેલીકોપ્ટર ખરીદી)

'ડૂબતી નાવ!'
'છોડી દે ઉંદરડા'
ભાવિ એંધાણ..
(પ્રધાનો રાજીનામાં આપવા તૈયાર)

ચિંતન

દહ્યમાના સુતીક્ષણેન નીચાઃ પર યશોગ્નિના ।
અશક્તાઃ તત્પદં ગન્તું તતો નિંદા પ્રકુર્વતે ॥

'હલકા અને દુર્જન લોકો બીજાના યશ જોઇને બહુમાન-સત્તા-પદ જોઇને ઇર્ષાના તીવ્ર અગ્નિથી બળીને ભસ્મ થઇ જાય છે; તેને કારણે જ આવા લોકો ઉચ્ચપદને પામી શકતા નથી. જેને પરિણામે બઢતી-ઉન્નતિ મેળવનાર વ્યક્તિની નિંદા કરે છે.'

આજે લોકો ઇર્ષાથી ભરપૂર છે. જે માણસ સત્કાર્ય કરે છે, નિષ્ઠાપૂર્વક દેશ અને રાષ્ટ્રની સેવા કરે છે તેને લોકો સ્વયંભૂ આદર આપે છે. સામાન્ય વ્યક્તિ, મિલીટરી વાહનનો ડ્રાઇવર એક નિષ્ઠા, સત્ય અને પ્રમાણિક-પણે લડત કરી પોતાનું સ્થાન બનાવ્યું. એવા 'અન્ના હજારે' રાષ્ટ્રીય નેતા તરીકે સ્થાપિત થઇ ચૂક્યા છે પણ ઇર્ષાખોરો તેમને પછાડવા તેમના સાથીદારોના દોષ કાઢી તેમને પછાડવા પ્રયત્નો કરે છે.

બાબા રામદેવે જનજાગૃતિનું આંદોલન ઉપાડ્યું એમાં પણ અડચણ ઊભી કરી.

વાસ્તવિકતા એ છે કે જે પોતે પ્રાપ્ત નથી કરી શકતા એ ઢોળી નાખવાની વૃત્તિ ધરાવે છે, ઘાસની ગંજીના કૂતરા જેવી ઇર્ષાવૃત્તિથી બીજાની પ્રગતિમાં પથ્થરા નાખે છે.

સુવિચાર

- કામનું પ્રયોજન અને પરિણામ જાણીને પછી જ પુરૂષાર્થ-પ્રયત્ન કરવો જોઇએ. જે રાજા પોતાની પરિસ્થિતિ, વૃધ્ધિ-ક્ષય, કોશ-ભંડાર અને રાજ્યની હાલત, દંડના નિયમો અને કાયદાના અમલથી અજ્ઞાત છે તે રાજા લાંબો સમય ચાલતો નથી - વિદુરજી
- મનને ખુશ રાખવું એ એક વાત છે અને ખરેખર ખૂશ હોવું એ અલગ બાબત છે - બુધ્ધ
- ધર્મ સરોવર છે અને 'સદ્ગુણ' એ તેનો 'સ્નાનઘાટ' છે માણસ તેમાં સ્નાન કરી 'શુધ્ધ' થાય છે - મહાવીર
- આત્મબોધ દ્વારા અહંકારનો નાશ કરવો એ જ સાચો ત્યાગ છે. એજ સાચી મુક્તિ છે - રમણ મહર્ષિ
- જેમ સૂર્યને એક કાળું વાદળ ઢાંકી દે છે તેમ ઉત્તમ-પવિત્ર જ્ઞાનને અમૂક દોષોનું આવરણ ઢાંકી દે છે - રવિશંકર મહારાજ
- આત્માના વિકાસ માટે દુઃખ આવશ્યક છે - સ્વામી રામદાસ

બોધકથા

કેટલાક યુવાનો ધંધા અને કમાણી પાછળ એવા જાય છે કે જાણે કૂતરાની પુંઠે પેટ્રોલ ન છ્ય્યું હોય! પૈસા અને ધંધા પાછળ જીવન જીવવાના અમૂલ્ય દિવસો તો વેડફી જ નાખે છે અને નથી ઘરના રહેતા નથી ઘાટના. બાળકો-પત્ની-વડીલો એને એના પ્રેમ અને વાત્સલ્યને માટે વલખાં મારતાં હોય, કમાણી-આવક ધંધો બરોબર છે પણ ક્યાંક તો સંતોષની સીમા હોય ને!

હેન્રી ફોર્ડ આવા જ ઉદ્યોગપતિ હતાં ધંધાના વિકાસ માટે એણે જિંદગી આખી મજૂરી કરી ભલે આજે એનું ઉદ્યોગપતિ તરીકે નામ હશે પણ તેનું સાચું ચરિત્ર તો એની પત્ની અને બાળકો જ કહી શકે..

જ્યારે તે પ્રૌઢ અવસ્થામાં હતા ત્યારે ફેક્ટરીમાં એની પત્નીનો ફોન આવ્યો. આજે તેણીનો 'જન્મદિવસ' યાદ અપાવી શકય હોય તો વેર સમયસર આવવા વિનંતી કરી.

ફોર્ડ ઝંખવાણો પડ્યો. ફૂલનો ગજરો લઇ વેર જવા વિચાર્યું, ફૂલવાળાને ત્યાં ગીર્દી જોઇ એણે ફૂલવાળા સાથે ચર્ચા શરૂ કરી. તારે ત્યાં આટલી બધી ઘરાકી છે તો તું શહેરમાં અન્ય શાખાઓ કેમ નથી ખોલતો!

ફૂલવાળો કહી તમારી વાત સાચી છે પણ પછી શું? ફોર્ડ કહે આવક વધશે રાજ્યભરમાં શાખાઓ ખોલ!

પણ શેના માટે? પછી શું કરું? મારે પત્ની અને બે બાળક સિવાય કોઇ જ નથી. હું અત્યારે પણ ખૂબ શાંતિ અને સંતોષથી જ જીવું છું. મારા પત્ની-બાળકો મને ખૂબ ચાહે છે! પછી મારે મોટી જંજાળ ઉભી શું કામ કરવી પડે!

ફોર્ડને જીવનની સાચી દિશા આમ એક ફૂલવાળાએ બતાવી દીધી.

જ્ઞાતિ, સમાજો અને રાજકારણ અલગ રહેવાં જોઇએ

તંત્રી સ્થાનેથી...

ચૂંટણીના નગારા વાગતા જ જ્ઞાતિ સમાજોને હાથા બનાવવા રાજકીય આગેવાનો મેદાનમાં આવ્યા છે. જ્ઞાતિ સમાજોના સંમેલનો અને મહાસંમેલનો યોજાઈ રહ્યા છે. રાજકારણ આ પ્રકારના સંમેલનોમાં છવાઈ રહ્યું છે. આ ચિંતાનો વિષય છે. મત મેળવવા માટે રાજકીય આગેવાનો જ્ઞાતિ-જ્ઞાતિ વચ્ચે વેરનાં બી વાવે છે. જાણે અજાણે સમાજને વિભાજીત કરવાનું અધમ કૃત્ય થઈ રહ્યું છે. આ પ્રત્યક્ષ રીતે અનુભવાતુ નથી. પરંતુ પરોક્ષ રીતે ચોક્કસ જ્ઞાતિ-જ્ઞાતિ વચ્ચે અંતર વધે છે. મતના રાજકારણ માટે સામાજિક એકતા તોડવાનો કોઈને અધિકાર નથી. આ પ્રકારના આયોજનો જ સમાજને વહેંચે છે. રાજકીય આગેવાનો સિવાયના આપણા જ્ઞાતિ સંમેલનો સમાજ માટે પ્રેરક અને પૂરક બને છે.

ગુજરાતની એ તાસીર છે કે ગુજરાતના સમાજ જીવનમાં જ્ઞાતિ સંગઠનોનું મહત્ત્વ અનોખું છે. કુરિવાજો સામે લડવા માટે જ્ઞાતિ સમાજોનો મંચ ખૂબ ઉપકારક નીવડ્યો છે. શિક્ષણના પ્રચાર અને પ્રસાર માટે કે બેટી બચાવો અભિયાનમાં જ્ઞાતિ સંગઠનોએ ઉમદા ભૂમિકા અદા કરી છે. અને સમૂહ લગ્નોની પહેલ કરીને જ્ઞાતિ સંગઠનો એ સામાજિક ક્રાંતિની દિશામાં પહેલું કદમ ઉઠાવ્યું છે. મરણ પાછળના સામાજિક કુરિવાજો લગભગ હટાવીને ગુજરાતના જ્ઞાતિ સમાજોએ નવી દિશા કંડારી છે. પરંતુ આ જ્ઞાતિ સંગઠનો નો મંચ રાજકારણના હાથમાં આવે ત્યારે સંગઠન તૂટે છે, જ્ઞાતિ-જ્ઞાતિ વચ્ચે તિરાડ પડે અને જ્ઞાતિનો વિકાસ અટકે છે. એક તરફ સંતો-મહંતો સામાજિક એકતા માટે પ્રયાસ કરે છે ત્યારે રાજકારણનો અખાડો બનતા જ્ઞાતિ સમાજોને મંચને સવેળા અટકાવવાની જરૂર છે. જ્ઞાતિના નામે ચાલતા રાજકારણને નાથવાનો સમય આવી ગયો છે. વ્યક્તિગત વિચારધારા કોઈ પણ રાજકીય પક્ષની હોઈ શકે. પણ સમાજના મંચને રાજકારણથી અભડાવવું ન જોઈએ. રાજકારણ અને જ્ઞાતિ સંગઠન અલગ રહે એમાં જ સમાજની શોભા છે.

ઢળતી ઉંમરે લગ્ન... એક ચિંતન

ચિંતન સભા
- પોપટલાલ પ્રજાપતિ

૬૦ વર્ષના વિધુર છગનભાઈ આમ તો ખાધે પીધે સુખી હતા. દીકરાના ઘેર દીકરા હતા. લીલીવાડી હતી પણ તે બધા પોતપોતાના ધંધામાં વ્યસ્ત અને સંસારમાં એટલા અટવાયેલા રહેતા કે છગનભાઈ સાથે બેસીને વાત કરવાનો કોઈ દીકરાને ટાઈમ નહિ. પુત્રવધુઓને સસરા સાથે દિલ ખોલીને વાત કરવામાં એક મર્યાદા નડે. આમેય દુન્યવી રીતે સામાજીક કે વ્યવહારિક કેટલીક વાતો એવી હોય કે પુરૂષ ફક્ત પોતાની પત્નિ આગળ જ મુક્ત મને વાત કરી શકે. શારીરિક તકલીફો તો જાતે સહન કર્યે જ છૂટકો. છગનભાઈ વિધુર થયા પછી આવા પ્રસંગોએ એકલા મુંઝાયા કરે પરિણામે મનની શાંતિ માટે ક્યાં તો મંદિરના ઓટલે મુંઝાયા કરે પરિણામે મનની શાંતિ માટે ક્યાં તો મંદિરના ઓટલે કે બગીચાના બાંકડે બેસી મનોમંથન કર્યા કરે. અને સમસ્યાનું સમાધાન જાતે જ મેળવી લે ઉંમર વધવાની સાથે છગનભાઈના પગ પણ કમજોર થતા ચાલ્યા અને આંખે પણ ઝાંખપ આવવા લાગી એટલે મુંઝારાનો પાર નહિ, પૈસે ટકે સુખી હોવું એટલે મનુષ્ય સર્વ વાતે સુખી એ માન્યતા ક્યારેક ખોટી પડે છે. કેટલીક વાતો એવી હોય છે જે મનમાં ફક્ત ઉચાટ કરાવે તેનો કોઈ ઉકેલ હોતો નથી. ફક્ત કોઈ અંતરંગ માણસ પાસે જઈ હૈયુ ઠાલવી દો એટલે મનનું સમાધાન થઈ જાય. કેટલાક લાગણીશીલ માણસો આંસુઓ દ્વારા દિલની વેદનાને વ્યક્ત કરી દે એટલે મન હળવું થઈ જાય. છગનભાઈને પોતાની પત્ની ક્યારેક હસી મજાકમાં કહેતી કે, 'હું નહિ હોઉં ત્યારે તમને ખબર પડશે' અને છગનભાઈને હવે ખરેખર ખબર પડવા લાગી કે જિંદગીના ઉત્તરાર્ધમાં પત્નિ ન હોય તો વિધુર કેવો નિઃસહાય અને ઓશિયાળો બની જાય છે. સંપત્તિની ઝાકમઝોળ અને વિલાસી વૈભવ વચ્ચે પણ અંતર મનમાં શૂન્યવકાશ... ક્યારેક દીકરાઓ થોડા ઊંચા અવાડે પિતાને કંઈક ઠપકો આપવા પ્રયત્ન કરે તો છગનભાઈને તેમના પ્રત્યેક શબ્દો તીરની જેમ ભોંકાય... 'હું ઓશિયાળો ત્યારે મારે આ સાંભળવાનું ને?' તેમના હિતની પ્રત્યેક વાતમાં પણ તેમનો અનાદર કરાતો હોય તેમ લાગે. આ મુંઝવણ, અકળામણ, વેદનાની સીધી અસર સ્વાસ્થ્ય પર થાય છે. એક વિધવા સ્ત્રી કુટુંબ સાથે તાલમેલ કરીને પણ આયખું પૂરું કરી નાખે પણ વિધુર એકલો પડ્યા પછી એની જિંદગી ટુંકાતી જાય છે. દુનિયાથી હારેલો થાકેલો માણસ એકલો પડી બે આંસુ સારે તો એ આંસુને વિસામો મળે તે માટે એકાદ ખભાની જરૂર પડે કે નહીં? તેની આંખમાં ખૂણા ભીના થાય તો ટપકતાં આંસુને લુછવા માટે પોતીકા માણસના ટેરવાની જરૂર પડે કે નહિ? અને આ પોતિકું માણસ પત્નિ સિવાય બીજુ કોઈ હોઈ શકે? પણ ૬૦ વર્ષે લગ્નની વાત કરનાર વ્યક્તિ પર સમાજ તુટી જ પડે કે આટલી ઉંમરે લગ્ન? પ્રશ્ન એ છે કે શું આધેડ પુરૂષો પાછલી ઉંમરે વિધુર બને તો તેને જીવનસાથીની આવશ્યકતા છે કે કેમ? એક વાત યાદ રહે કે આ ઉંમરે લગ્ન કરનાર વિધુરને ઘોડે ચઢી વરઘોડો કાઢવાના નથી હોતા. ૬૦ વર્ષે પત્નિને લઈને હનિમૂન કરવા જવાની તેને લાલસા નથી હોતી કે હાથમાં હાથ મીલાવી બાગબગીચામાં લટાર મારવા તેનું હૃદય થનગનતું નથી અથવા તો થિયેટરના એકાદ ખૂણામાં બેસી પ્રેમગોષ્ઠિ કરવા તેનું હૃદય ઉછાળા નથી મારતું. પરંતુ જયારે તેના દિલ પર ચોટ લાગે, જિંદગીમાં ખાલીપો અનુભવાય, વેદના અને વલોપાતમાં મન વિહ્વળ બને ત્યારે તેની વેદના પર પ્રેમાળ લેપ કરી શકે અને પડેલા ઘા પર સ્નેહના ટાંકા લઈ શકે તેવા હમદર્દની તેને જરૂર છે, સામાજિક કે વ્યવહારિક મૂંઝવણોની ચર્ચા પુત્રવધુઓ સાથે કરવી અને પત્નિ સાથે કરવી તેમાં આસમાન જમીનનો ફેર છે. એકમાં લાગણીનો સ્પર્શ મળે જયારે બીજામાં ફક્ત વ્યવહારિકતા... એક સમાજ દ્વારા આયોજિત જીવનસાથી પસંદગી મેળામાં ૫૫ વર્ષના એક વિધુરે લાગણીસભર વેદના વ્યક્ત કરતાં જાહેરમાં કહેલું કે છતે દીકરે ભર્યા પરિવારમાં હું અનાથ અને ઓશિયાળો બની ગયો છું. ઘરમાં બધું જ છે છતાં અંતરમાં શૂન્યાવકાશ છે. મારે જીવનસાથી જોઈએ છે પણ ડર એ છે કે ક્યાંક લોકો મજાક તો નહિ કરે ને? આ એક કડવી છતાં કરુણ વાસ્તવિકતા છે. આ સમસ્યાનો ઉકેલ એ જ હોઈ શકે કે ૫૦ વર્ષ કે તેથી વદુ ઉંમરનાં વિધવા / વિધુરને જો આવશ્યકતા લાગે તો કુટુંબીજનોએ ભેગા મળી તેમને જીવનસાથી શોધી આપવા જોઈએ અને આ પહેલ જે તે વ્યક્તિના દીકરા / દીકરીઓએ સ્વેચ્છાએ કરવી જોઈએ. આમાં સમાજ શું કહેશે તે વિચાર જ અસ્થાને છે. વિધુર બાપના દીકરાઓની આ ફરજ જ નહિ માનવીય ધર્મ પણ છે.

બુઢાપો એકલો ઘરડાઘરમાં હિઝરાય એનાં કરતાં દામ્પત્યજીવનને પ્રસન્ન બનાવી આનંદમાં આયખું પૂરું કરે એમાં ખોટું શું છે?

અમેરિકન ચિંતક ઈમર્સન કહેતો કે માનવીના રોમેન્ટિક સ્વભાવને ઉંમર સાથે નિસ્બત નથી. પણ ભારતીય સંસ્કૃતિમાં ૫૦ વર્ષે રોમાન્સની વાત કરવી તે આફતને નિમંત્રણ આપવા બરાબર છે. સમાજમાં આવી વ્યક્તિઓ ટીકાને પાત્ર બને છે જયારે વિદેશમાં આ જ બાબત સામાન્ય ગણાય છે. તા. ૨૦-૧૧-૧૧ ના રોજ અમદાવાદમાં પાલડી ખાતે મહેંદી નવાબ જંગ હોલમાં 'વિના મૂલ્યે સેવા' બેનર તળે આધેડ વયના પુરૂષ / સ્ત્રીઓ માટે પસંદગી મેળો યોજાયો હતો જેમાં ૩૦૦ પુરૂષો અને ૭૦ સ્ત્રીઓએ હિંમતથી આમાં ભાગ લીધેલો. કેટલીક મહિલાઓએ લગ્ન કર્યા વગર પણ લીવ ઈન રીલેશનશીપમાં રહેવા તૈયારી બતાવેલી. આ ઉમેદવારોની લાગણી હતી કે પુત્રો, પુત્રવધુઓ તરફથી કરાતી નફરત, લાગણીનો અભાવ, ફક્ત મિલકતમાં દિલચસ્પીના કારણે જીવનના ઉત્તરાર્ધમાં હૂંફ મેળવવા માટે અમારે આ માર્ગ અપનાવવો પડ્યો છે. બાકી લગ્ન કરવાનો કોઈ ઉંમગ નથી. બસ આપણે પણ આધેડ પુરૂષોની જિંદગીના શૂન્યાવકાશને પુરવાની જ વાત કરવી છે. આયુષ્યની કરમાયેલી ડાળીઓ પણ પાણીનો છંટકાવ કરી તેને તરોતાજા રાખવાનો ફક્ત પ્રયાસ કરવાનો છે. ડાળીઓ નવપલ્લવિત ન થાય તો કંઈ નહીં પણ તે સુકાતાં પહેલાં બરછટ થઈને ખરી ન પડે એટલી તો જાળવણી કરીએ? આપણે સંસ્કૃતિના રખોપાની વાત કરવી હોય તો બુઝુર્ગોના ચહેરાને પ્રફુલ્લિત રાખવાનો પ્રયાસ એ પણ સંસ્કૃતિનું જતન જ છે. બુઢાપો એકલો ઘરડાઘરમાં હિઝરાય એનાં કરતાં દામ્પત્યજીવનને પ્રસન્ન બનાવી આનંદમાં આયખું પૂરું કરે એમાં ખોટું શું છે?

બિંદિયાનું એક જમા પાસું એ છે કે, તે દરેક ગીતને ત્રણ-ચાર વાર મનથી, હૃદયથી સાંભળે છે, ખૂબીની વાત તો એ છે કે, એકવાર કંઠસ્થ થયેલું ગીત ક્યારેક ભૂલતી નથી

મોંઘેરાં મોતી
- નટવર આહલપરા

પંડિત સુખલાલજીનું સ્મરણ થાય છે. પંડિતજીને નાનપણમાં જ શીતળા નિકળેલાં. શીતળામાં આંખોની રોશની ચાલી ગઈ. પણ પંડિતજી હિંમત ન હાર્યા. તેમને જીવનમાં કંઈક કરી છૂટવાનો નિર્ધાર કર્યો. અંધ હોવા છતાં પંડિતજીએ પ્રવાસો કર્યા, પુસ્તકો લખ્યાં.

આપને પ્રશ્ન થશે કે, પંડિતજીની વાત અહીં શા માટે? પરંતુ પંડિત સુખલાલજીનું પ્રતિબિંબ જેનામાં ઝિલાયું છે, તે કલાકારનું નામ છે : બિંદિયા કિશોરભાઈ પંડ્યા.

તા. ૮-૫-૧૯૭૮ ના રોજ બિંદિયાનો જન્મ થયો. અમરેલી જિલ્લાના રાજુલા ગામમાં જન્મેલી બિંદિયા કિશોરભાઈ પંડ્યાના કુટુંબમાં ક્યાંક ન બનેલી ઘટના બની. ડૉ. કિશોરભાઈ પંડ્યાને એ દિવસો યાદ છે. પરિવારમાં દીકરી અવતર્યાનો સૌને આનંદ હતો. પણ દીકરી અંધ અવતરી છે. એ સમાચારથી કિશોરભાઈ ભાંગી પડેલા. ધીરે ધીરે વાસ્તવિકતાનો સ્વીકાર કરી ચટ્ટાન જેવા મજબૂત થઈ અને ઈશ્વરની આ અકળગતિનો સામનો કરવા તૈયાર થઈ ગયાં.

બિંદિયાની પ્રગતિ થાય, બિંદિયાને સારું શિક્ષણ મળે તેવા શુભ હેતુથી કિશોરભાઈ પંડ્યા ૧૯૮૪માં રાજુલાથી પરિવાર સાથે ભાવનગર આવ્યા. કલા અને સંસ્કૃતિથી દીપતી ધરત પર ભાવનગરમાં બિંદિયાએ ભણતરના પાઠ શરૂ કર્યા. પિતા કિશોરભાઈએ પુત્રી બિંદિયાની આંખની રોશની પાછી આવ જાય એ માટે ભાવનગરથી ભોપાલ સુધી આંખનાં નિષ્ણાંત ડૉકટરો પાસે જઈ બિંદિયાની આંખો ચેક કરાવી છે. પણ પરિણામ મળ્યું નિરાશાજનક!

બિંદિયાએ નાનપણથી જ સંગીતના જ્ઞાનની જ્યોતિ પ્રગટાવવા માંડી. ઑક્ટોબર ૧૯૮૫માં બિંદિયાએ બૃહદ ગુજરાત સંગીતની પ્રારંભિક પરીક્ષા આપી અને આ પરીક્ષામાં ૭૨ ટકા સાથે ઉત્તીર્ણ થઈ. પછી તો બિંદિયાની સંગીત-લગન ઉત્તરોત્તર વધવા માંડી. એપ્રિલ ૧૯૮૬ માં બૃહદ ગુજરાત સંગીત પ્રવેશિકા પરીક્ષામાં પ્રથમ વર્ગ મેળવ્યો. સંગીતની પરીક્ષાઓની સાથે-સાથે માત્ર આઠ વર્ષની વયમાં બિંદિયા પંડ્યા એ સંગીત સ્પર્ધાઓમાં ભાગ લેવાનું શરૂ કર્યું.

અનેતવિધ સંસ્થા દ્વારા આયોજિત સુગમ ભજન, લોકગીત અને દેશભક્તિના ગીતોની સ્પર્ધામાં બિંદિયાએ થોકબંધ ઈનામો મેળવ્યા છે અને આજે પણ મેળવે છે.

બિંદિયાની વણથંભી આગેકૂચ ચાલુ રહે છે. ભાવનગરથી સંગીત જયોતી ધીરે-ધીરે સૌરાષ્ટ્રમાં પ્રસરે છે. ૧૯૮૬માં અમરેલી જિલ્લાના બગસરા ગામે ગુજરાત લોકકલા મંડળ આયોજિત સૌરાષ્ટ્રની લોકગીત ભજન સ્પર્ધામાં 'અ' વિભાગમાં બિંદિયાએ ઝળહળતી સફળતા પ્રાપ્ત કરી. પ્રથમ સ્થાન મેળવ્યું. ગઝલ, લગ્નગીત અને લોકડાયરામાં કંઠના કામણ પાથરી બિંદિયાએ શ્રોતાઓનાં દિલ જીતી લીધાં.

કોઈ અંધને અપંગ વ્યક્તિને જોઈને આપણે સહજ રીતે બોલી જઈએ છીએ કે, જયારે કોઈ વ્યક્તિની એકાદ ઇન્દ્રિય કુદરત છીનવી લે છે. ત્યારે બીજી ઇન્દ્રિયમાં વિશેષતા ઉમેરી દે છે, પરંતુ બિંદિયાએ નાનપણથી જ આ વિશેષતાને સવિશેષતામાં પલટાવી નાખી છે.

બિંદિયા એક જ પ્રકારના ગીતો રજૂ કરવાને બદલે ભજન, ગઝલ, સુગમ સંગીત, લોકગીત, લગ્નગીત અને એથી પણ નોંધનીય બાબત એ છે કે, બિંદિયાએ હાસ્ય ગીતો પણ રજૂ કરે છે. બિંદિયાનું એક જમા પાસું એ છે કે, તે દરેક ગીતને ત્રણ-ચાર વાર મનથી, હૃદયથી સાંભળે છે. ખૂબીની વાત તો એ છે કે, એકવાર કંઠસ્થ થયેલું ગીત ક્યારેક ભૂલતી નથી.

અંધ આંખોના સપના

બિંદિયાને આમ તો ગીત-સંગીતના ગુણ વારસામાં મળ્યા છે. બિંદિયાના વડદાદા સ્વ. દેવકૃષ્ણભાઈ પંડ્યા સારા ભજનગાયક હતાં. બિંદિયાના દાદાના ભાઈ અને જૂનાગઢની ગાયત્રી શક્તિપીઠ અને ગાયત્રી મંદિરના સંચાલક શ્રી ગુણવંતરા દેવકૃષ્ણભાઈ પંડ્યા (પથિકજી) પણ પ્રથમ પંક્તિના ગઝલ તથા ભજન કવિ તેમજ ગાયક છે.

શ્રી પથિકજી જેવા દાદાજીનો સહવાસ અને કલા સંગીતનું વિશાળ જ્ઞાન મળે. એવા શુભ આશયથી શ્રી કિશોરભાઈ પંડ્યા પુત્રી બિંદિયાને જૂનાગઢ લઈ ગયા.

જૂનાગઢ શહેરમાં મોતીબાગ સામે આવેલ કનેરિયા ગર્લ્સ હાઈસ્કૂલમાં બિંદિયાએ અભ્યાસના શ્રી ગણેશ કર્યા. આકાશવાણી અને દૂરદર્શનમાં કાર્યક્રમો આપવાની શરૂઆત પણ થઈ. બિંદિયાની ભાવનગરની આરંભાયેલી કલા-સાધના જૂનાગઢમાં પાંગરી અને રાજકોટમાં પણ તેની સંગીત સુવાસ પ્રસરવા માંડી. બિંદિયાના પિતા કિશોરભાઈ વ્યવસાયે ડૉકટર હોવા છતાં તેમણે દીકરીની પ્રગતિ ખાતર ડૉકટરનો વ્યવસાય છોડી રાજકોટમાં સ્થાઈ થયા છે.

બિંદિયાને રાજકોટમાં આવ્યા માંડ ત્રણ વર્ષ જેટલો સમય થયો છે. પણ તે રાજકોટમાં તેમજ ગુજરાતના નામાંકિત (ઑરકેસ્ટ્રામાં ટૉપ મોસ્ટ) કલાકરો સાથે સુપરહીટ કાર્યક્રમોમાં ગીતો ગાયા છે.

કૉલેજના બીજા વર્ષમાં અભ્યાસ કરતી બિંદિયાનો વિષય છે - સોશિયોલોજી. બિંદિયા કહે છે કે, કલાકારનું જીવન સંઘર્ષમય જ હોય છે. કલાકાર દુઃખી કુટુંબમાંથી આવે છે. પરંતુ જયારે તેના ભાગ્ય ખૂલે છે. ત્યારે તેનો સીતારો બરાબર ચમકે છે, દરેક કલાકારે કોઈને કોઈ આદર્શ જરૂર રાખવો જોઈએ. મારો પણ એક આદર્શ છે.

બિંદિયા એમ પણ કહે છે કે, 'મારા જીવનમાં સંગીત ન હોય તો?' પ્રશ્નનો જવાબ પણ બિંદિયા જ આપે છે કે, 'સંગીતથી મને નવા નવા સંપર્ક થાય છે. મારા જીવનમાં તાજગી, નવીનતા અને જીવંતતા મળે છે.'

દેખતા માણસની કલ્પના અને અંધ માણસની કલ્પનામાં સ્વાભાવિક પણે તફાવત હોવાનો જ. અજબ હોય છે અંધજનોનું કલ્પના વિશ્વ.

'મારે સિંગર બનવું છે. પ્લેબેક સિંગર. મને સપના આવે છે, મધુર સપના. હું રોજ સ્ટેજ ઉપર ગાતી હોઉં અને મારી સાથે મહાન કલાકારો બેઠાં હોય. હું ગીત પૂરું કરું, સ્ટેજ પરથી નીચે ઉતરી મહાન કલાકારોનાં ચરણ સ્પર્શ કરું અને કોઈ કલાકાર મારાં માટે હાથ મૂકી આશીર્વાદ આપતાં કહે કે, 'બિંદિયા, તું એક દિવસ જરૂર મહાન કલાકાર બનીશ.'

સંગીતક્ષેત્રના વિકાસમાં બિંદિયા તેના પિતા કિશોરભાઈ, માતા ભારતીબેન, ભાઈ ઋષિકેશ, ગુરુઓ શ્રીમતી પિયુબેન સરખેલ અને સ્વ ભદ્રાયુ ધોળકિયાનું આદરથી સ્મરણ કરે છે. બિંદિયા સમાજશાસ્ત્ર સાથે (૨૦૦૨) બી.એ. થઈ છે. અને માસ્ટર ઇન ફૉર્મિંગ આર્ટ્સની (૨૦૦૪) પદ્વીઓ મેળવી છે. તેમણે અનેક કેસેટોમાં સ્વર આપ્યો છે. રાજકોટમાં દસેક વર્ષમાં તેણે દૂરદર્શન, આકાશવાણી પરથી અનેક સાંસ્કૃતિક અને સાંગીતિક કાર્યક્રમમાં સ્વર આપી પોતાનો હોસલો બુલંદ કર્યો છે અને તે આકાશવાણી રાજકોટની સુગમ સંગીતની (માન્ય) એક માત્ર પ્રજ્ઞાચક્ષુ કલાકાર છે. હાલ તે તેના માતા-પિતા અને ભાઈ સાથે ભાવનગર રહે છે અને સંગીત સાધના કરે છે.

બિંદિયા સંગીતની ખૂબ ઊંચાઈ સુધી પહોંચે તેવી શુભકામના.

આજના દિવસનો મહિમા

- ભાનુપ્રસાદ એસ. દવે

૨૮મી એપ્રિલ
પીઠ રાજનીતિજ્ઞ અને પ્રચુર અર્થશાસ્ત્રી ગગન વિહારી મહેતાની પુણ્યતિથિ

પ્રો. હેરોલ્ડ લાસ્કી પાસે ભણેલા, અમેરિકા ખાતે હિન્દના રાજદૂત તરીકે રહેલા પદ્મભૂષણ ગગન વિહારી મહેતાની પુણ્યતિથિ ૨૮-૪-૧૯૭૪.

- *ઔદ્યોગિકરણ, વિદેશી હૂંડિયામણની તીવ્ર તંગીના ઉકેલ માટે સફળતાપૂર્વક કાર્ય કરનારા આઇ.સી. આઇ.સી.આઇ. લિ. ના ચેરમેન તેજસ્વી પત્રકાર હતા.*
- *ઇટાલીના ફાસિસ્ટ પ્રમુખ બેનિટો મુસોલિનીનું અવસાન ૧૯૪૫.*
- *સૌથી મોંઘો તમાચો ૨૦૦૮માં ૨૮મી એપ્રિલે હરભજને ખાધો. શ્રીસંતાને આઇ.પી.એલ.ની મેચમાં લાફો મારવા બાબત હરભજન ૫ મેચોમાંથી આઉટ થયો.*
- *પી.એસ.એલ.વી.*



સી ૯ - ૨૦૦૮માં સફળતાપૂર્વક છોડવામાં આવ્યું.

જાહેર આરોગ્ય, સલામતી, સગવડ, શિષ્ટાચાર અને નીતિમત્તાને લગતા ગુનાની સમજણ

વાત કાનૂન-કાયદાની...
- અશ્વિન વી. ત્રિવેદી

આજુબાજુમાં રહેતા અને મિલકતનો ભોગવટો ધરાવતા માણસોને જે કૃત્યથી સામાન્ય હાનિ, ભય, ત્રાસ પહોંચે તેવું અથવા કોઇ સાર્વજનિક હક્ક ભોગવતી વખતે માણસોને જે કાર્યથી હાનિ, અડચણ, ભય, ત્રાસ થયા વિના ન રહે એવું, કાર્ય કોઇ પણ વ્યક્તિ કરે તો આવી વ્યક્તિ જાહેર ત્રાસદાયક કાર્ય માટે ગુનેગાર ઠરે છે. આવા કૃત્યોમાં -

(૧) જિંદગીને જોખમકારક રોગનો ચેપ ફેલાવવો.

(૨) વેચવા ધારેલી ખાવાની કે પીવાની વસ્તુમાં ભેળસેળ કરવી.

(૩) ખાવાની કે પીવાની હાનિકારક વસ્તુઓ વેચવી.

(૪) ઔષધી, દવાઓમાં ભેળસેળ કરવી.

(૫) ઔષધી, દવાઓમાં બનાવટી દવા ભેળવવી.

(૬) જાહેર જળાશયનું પાણી ગંદુ કરવું.

(૭) હવાને, તંદુરસ્તી માટે નુકશાનકારક થાય તેવું કૃત્ય કરવું.

(૮) સરિયામ, જાહેર રસ્તા ઉપર બેદરકારીથી વાહન ચલાવવું.

(૯) રહેણાંક વિસ્તારમાં પાળતું પ્રાણી, ઢોર બાંધી ગંદકી કરવી.

ઉપરના ગુનાની જાહેર-ખાનગી વ્યક્તિને સુખાધિકારના હક્કથી વંચિત રાખવો, નુકશાન કરવું. એ માટે ભારતીય ફોજદારી અધિનિયમ ૧૮૬૦ ની કલમ ૨૬૮ થી ૨૭૯ માં જોગવાઇ આપેલ છે જે ગુના માટે છ માસથી, એક વર્ષની જેલ તેમજ દંડ બંને થઇ શકે છે. પ્રથમવર્ગના મેજીસ્ટ્રેટ આવા પ્રકારના કેસો ચલાવી સાબિત થયે સજા તેમજ દંડ ફટકારી શકે છે.

વાહન અકસ્માત માટે ૨૭૯ તેમજ ૩૦૪ (અ) ૩૩૮ મુજબ અલગથી કેસ ચલાવવામાં આવે છે. જેના વિષે વિગતવાર લેખ અલગથી આપવામાં આવશે.

ઉપર મુજબના નં.૧ થી ૮ ના કૃત્યો જાહેર આરોગ્ય, સલામતી, સગવડ તથા શિષ્ટાચાર અને નીતિમત્તાને લગતા ગુના ગણવામાં આવે છે. ઘણી વખત આવા કૃત્ય માટે કોર્ટ ઉઠતા સુધીની સજા તેમજ જાહેર સ્થળો હોસ્પિટલ, દવાખાના, મૂતરડી, શૌચાલય સાફ કરવાની સજા પણ મેજીસ્ટ્રેટ ફરમાવે છે. તેમજ પાંજરાપોળમાં ઘાસચારો નાખવાની પણ સજા ફરમાવે છે. સમાજમાં ગુણવત્તા સુધારવા માટેનાં પગલાં હોય છે. માનવીય અભીગમ કોર્ટ દાખવી હળવી સજા અગર ૫૦૦ થી ૧૦૦૦ રૂા. સુધીનો દંડ પણ ગુનો બને છે જેના માટે અલગથી 'ફૂડ એન્ડ ડ્રગ્સ એક્ટ' અમલી છે.

દરેક માનવીએ, બીજા માનવીની સુખ,શાંતિ, સંપત્તિને સલામતીને જાહેર આરોગ્યને સુખાકારીને ધ્યાનમાં રાખવી એ બંધારણીય ફરજ ગણવામાં આવેલ છે. જેના ભંગ બદલ યોગ્ય સજાની જોગવાઇ કાયદામાં છે.